# આર.ટી.ઓ.ની જુની ઓફિસ ખંડેર હાલતમાં જૂનો રેકર્ડ પણ સલામત નથી

## સરકારી બ્લોકમાં જાળવણીના અભાવે બારીઓ પણ તુટેલી : ફાઇલો અને પોટલાના ઢગ વચ્ચે ગંદકીનું સામ્રાજય

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં ગ માર્ગ પર હાઇટેક આર ટી ઓ કચેરી અભિયાનના અંતે પણ અહીંથી કચરો ઉલેચાયો નથી. વર્ષો જુના રેકર્ડના આડેધડ ખડકલો થયો છે. અસહય આર ટી ઓ કચેરી અસ્તિત્વમાં આવ્યા બાદ લાંબા સમયના અંતે પણ આ સ્થિતિમાં કોઇ સુધાર આવ્યો નથી. બંધ કચેરીના બ્લોકમાં બારીઓ પણ તુટેલી હાલતમાં છે. બ્લોકના ચારેય યુનિટમાં કાગળો અને પોટલા અવ્યવસ્થિત રીતે ખડકાયેલા પડયા છે. થોડા સમય અગાઉ સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે વિવિધ સરકારી કચેરીઓ ઉપરાંત જાહેર સ્થળોની પણ સફાઇ કરવામાં આવી હતી. આમછતા જુની આર ટી ઓ કચેરીના બ્લોકમાં જુના રેકર્ડને સુવ્યવસ્થિત કરવાની દરકાર લેવાઇ નથી. સરકારી આવાસની જાળવણીના



અસ્તિત્વમાં આવ્યા બાદ ચાર વર્ષના અંતે પણ જુની આર ટી ઓ કચેરીમાંથી ફાઈલો અને કાગળના ઢગ યથાવત સ્થિતિમાં છે. કંગાળ સરકારી આવાસમાં તુટેલી બારીઓમાંથી તાદ્રશ્ય થતી સ્થિતિ અનેકરીતે બિહામણી લાગે છે. એકબાજુ હાઈટેક અને પેપરલેસ આર ટી ઓ કચેરીમાં અઘતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. પરંતુ જૂની આર ટી ઓ કચેરી ખાલી કરાયા બાદ વર્ષોના અંતે હજુ પણ ગંદકીથી ખદબદી રહી છે. સરકારી મકાનોના બંધ બ્લોકમાં ફાઈલો અને પોટલાના ઢગ ખડકાયા છે.સ્વચ્છ ભારતના ગંદકી વચ્ચે કંગાળ ભાસતા સરકારી બ્લોકની દરકાર લેવામાં પણ કોઈને રસ નથી. ગ માર્ગ પર નવી હાઈટેક અભાવે ખંડેર ભાસતી બંધ કચેરીમાં રેકર્ડ પણ સલામત ન હોવાનું મનાઈ રહયું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં દૈનિક માથાદીઠ ૨૦૦ લીટર પાણીનો વપરાશ

## પ્રતિદિન ૬ કરોડ લિટર પાણી સપ્લાય કરવામાં આવે છે : દોઢ દાયકા બાદ રોજ ૧૩૩ એમ એલ ડી પાણીની જરૂરિયાત ઉભી થશે : સરકાર પાણી પાછળ પ્રતિવર્ષ રૂ. ૧૮ કરોડ ખર્ચે છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરમાં રોજ ૬ કરોડ લિટર પાણીનો વપરાશ છે. તંત્ર દ્વારા પાણીની જરૂરિયાત સંતોષવા પ્રતિદિન ૬૦ એમ એલ ડી પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. માથાદીઠ ૨૦૦ લીટર પાણીનો વપરાશ થાય છે. શહેરમાં પાણીની જરૂરીયાત સંતોષવા સરકાર પ્રતિવર્ષ રૂપિયા ૧૮ કરોડનો ખર્ચ કરે છે.જયારે પાણી ગટર વેરા પેટે અંદાજિત રૂ.૧.૮૦ કરોડની આવક થાય છે. હાલ શહેરી વિસ્તારની ૩.૨૫ લાખની વસતીને અનુલક્ષી પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં પાણીની જરૂરિયાતમાં બમણાંથી વધારો થશે. અલબત્ત પાણીનો વપરાશ ૧૩૩ એમ એલ ડી જેટલો થશે. આગામી દિવસોમાં પાણીની જરૂરીયાતને પહોચી વળવા પાણીની સંગ્રહ ક્ષમતા તેમજ નેટવર્ક લાઈનનું પણ અપગ્રેડેશન પણ કરવું પડશે.

ગાંધીનગરમાં પાણીનો વપરાશ આમ પણ છૂટથી થાય છે. સરકારી બિલ્ડીંગો તેમજ ઉધાનોને અનુલક્ષી શહેરમાં પાણીની જરૂરીયાત વધી છે. જયારે શહેરીજનો પણ બિન્દાસ્ત રીતે પાણી વાપરવા ટેવાયેલા છે. જેના લીધે પાણીનો પણ વિશેષ બગાડ થતો હોવાનું મનાઈ રહયું છે. હાલની સ્થિતિએ શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા રોજ ૬૦ એમ એલ ડી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. કોર્પોરેશન વિસ્તારમાં આમ તો ૧ હજાર લીટર પાણી માટે ગુજરાત સ્ટેટ વોટર સ્પલાય બોર્ડ દ્વારા રૂ. ૬ વસુલવામાં આવે છે. પરંતુ સરકાર પ્રતિ ૧ હજાર લીટરે ૩ રૂપિયા ચુકવે છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકારને પ્રતિવર્ષ રૂપિયા ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવે છે.

જયારે પાણી ગટરના વેરા અન્વયે વિભાગને માત્ર ૧.૮૦ કરોડની આવક થાય છે. શહેરમાં ૩.૨૫ લાખની વસતી મુજબ હાલ માથાદીઠ ૨૦૦ લીટર પાણી સપ્લાય કરવામાં આવે છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સેકટરોમાંથી ઉઠતી પાણીની પોકાર શાંત પડી ગઈ છે. શહેરમાં આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં પાણીનો વપરાશ બેવડાઈ જશે.



દોઢ દાયકા બાદ પ્રતિદિન ૧૩૩ એમ એલ ડી પાણીની જરૂરીયાત ઉભી થશે. આ સમયે અંદાજિત ૬.૬૬ લાખની વસતીને પાણી સપ્લાય કરવા પાણીની લાઈનો અપગ્રેડ કરવા ઉપરાંત પાણીની સંગ્રહ કરવાની ક્ષમતામાં પણ વધારો કરવો પડશે.

# બાળકો સામે જાતીય ગુન્હો આચરવાના કેસમાં ૭ વર્ષની કેદ

## આરોપીએ ૧૭ વર્ષીય કિશોરી સાથે મરજી વિરૂધ્ધ સંભોગ કરતા બાળકનો જન્મ થયો હતો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર જિલ્લાના ભાટ ગામમાં કીશોરી સાથે સંભોગ કરી બિન અધિકૃત રીતે બાળકને જન્મ આપવાના બાળકો સામે જાતિય ગુન્હો આચરવાના કેસમાં કોર્ટે આરોપીને ૭ વર્ષની સખ્ત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂપિયા ૧૦ હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે.

જિલ્લાના ભાટ ગામમાં પાણીની ટાંકી પાસે બજાણીયા વાસમાં રહેતા સાધુ અળખાભાઈ સામલે પોતાના ઘરે કામ કરવાના બહાને ૧૭ વર્ષીય કીશોરીને પોતાના ઘરે બોલાવી હતી. આવા સમયે ઘરે કોઈ હાજર ન હોવાથી આરોપીએ એકલતાનો લાભ ઉઠાવી તેણી પર બળાત્કાર ગુજારી બિનઅધિકૃત રીતે બાળકને જન્મ આપ્યો હતો. આ કેસ સંદર્ભે અડાલજ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ અંગે ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા સરકારી વકીલ સુનીલ પંડયાએ કોર્ટમાં બાળકો સામે જાતીય ગુન્હાઓના રક્ષણ બાબતે અધિનિયમ કલમ-૩ અને ૪ દાખલ કરવા અરજી કરી હતી.જેને ધ્યાને લઈ કોર્ટે આ કલમનો ઉમેરો કર્યો હતો. આ કેસ એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ પંડયાએ દલીલ કરી હતી.જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યું હતું કે આરોપીએ નિર્દોષ અને ગરીબ ભોગ બનનારને ઘરમાં કામ કરવા બોલાવી એકલતાનો લાભ લઈ સંભોગ કર્યો હતો. જયારે ભોગ બનનારને બાળકનો જન્મ થતા જીવનમાં નીચુ જોવાનો વારો આવ્યો છે. જન્મેલ બાળક પણ નિરાધાર અવસ્થામાં જીવન જીવી રહયો છે. સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને સખ્તમાં સખ્ત સજા થવી જોઈએ તેમ પણ તેમણે દલીલમાં જણાંવ્યું હતું.

સરકારી વકીલની દલીલો તેમજ ભોગ બનનાર, ડોકટર અને એફ એસ એલનો રીપોર્ટ તપાસ કરનાર અમલદારની જુબાનીને ધ્યાને લઈ એડીશનલ સેસન્સ જજ આર એ ઘોઘારીએ આરોપીને બાળકો સામે જાતીય ગુનાઓના રક્ષણ બાબતે અધિનિયમ કલમ-૩ અને ૪ અન્વયે ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.આ ઉપરાંત આરોપીને રૂપિયા ૧૦ હજારનો દંડ અને દંડની રકમ ભોગ બનનારને વળતર તરીકે ચુકવવા કોર્ટે હુકમ કર્યો છે.

# પવન સાથે ગુજરાતમાં હજુ ભારે વરસાદની આગાહી

## આગામી તા. ૨૧ થી ૨૩ દરમ્યાન વાવાઝોડા સાથે કમૌસમી વરસાદ પડવાની સંભાવના છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ચોમાસુ ગતિવિધિ અંગે જોતા દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના ગર્ભ અંગે જોતા હાલમાં કૃતિકા નક્ષત્રમાં દેશ તેમજ રાજયના ભાગોમાં પડેલ વરસાદના ચિહ્નો આગામી ચોમાસુ વર્ષા અંગે સાનુકુળ હોવા છતાં હજુ કોરમડીના લક્ષણો જણાતા નથી એટલે નીરનીરંતર ચોમાસાની ગતિવિધિની તો જ્યારે કોરમડી આકાશમાં આવે ત્યારે જ ખ્યાલ આવે. હાલમાં કેટલાક જાણ્યા અજાણ્યા કારણોસર ભૌગોલિક સ્થિતિમાં ફેરફાર જણાય છે. આથી તા. ૧૫થી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિવિધિ આંદમાન સાગરમાં રહેવાની શક્યતા છે. જે સમયર ગણાય. અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ મણીપુર, મીઝોરમ તેમજ ત્રિપુરામાં પણ વરસાદી ઝાપટા પડી શકે તેમ છે. જ્યારે ચોમાસાની ગતિવિધિ તા. ૧૭ થી ૨૨ મે દરમ્યાન દક્ષિણ પૂર્વ ઉપસાગરમાં ભારે વરસાદની વકી રહે અને ચોમાસુ જોર પડે.

મે તા. ૧૬ થી ૧૮ પવન-વંટોળ, આંધી ક્યાંક વરસાદી ઝાંપટા-છાંટાની વકી રહે. તા. ૧૯ થી ૨૦ વાદળછાયુ રહે, ગ્રહો તેમજ ભૌગોલિક કારણોસર ચોમાસાની ગતિવિધિ મોડી જણાય છે. જે દરિયો વલોવાવો જોઈએ અને ચક્રવાત ઉદ્ભવવા જોઈએ એ તા. ૨૦ થી ૨૩માં

● અનુસંધાન પાન-૭ પર

# મેટ્રો રેલ પ્રોજેક્ટ કૌભાંડમાં સંજય ગુપ્તા ચાર દિવસના રીમાન્ડ પર

ગાંધીનગર, તા. ૧૫

મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કથિત કૌભાંડમાં ધરપકડ કરાયેલ પૂર્વ આઈ.એ.એસ. અધિકારી સંજય ગુપ્તાને ચાર દિવસના રીમાન્ડ પર સોંપવામાં આવ્યા છે.

રાજ્યના અતી મહત્વના એવા મેટ્રો રેલ પ્રોજેક્ટમાં મટીરીયલ્સની ખરીદી કર્યા વગર જ બીલો પાસ થયા હોવાનું તપાસમાં આવતા રાજ્ય સરકાર દ્વારા આ અંગે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

આ અંગે ગાંધીનગર ઝોન સી.આઈ.ડી. ક્રાઈમે તપાસ હાથ ધરીને ગઈકાલે મેટ્રો રેલ પ્રોજેક્ટના પૂર્વ ચેરમેન સંજય ગુપ્તાની ધરપકડ કરીને સઘન પૂછપરછ હાથ ધરી હતી.

સી.આઈ.ડી. ક્રાઈમે આજે અમદાવાદ કોર્ટમાં સંજય ગુપ્તાને રજુ કરીને ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી. બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજૂર કરીને સંજય ગુપ્તાને રીમાન્ડ પર સોંપ્યા હતા.

# હિંમતનગર અને જૂનાગઢ ખાતે નવી મેડીકલ કોલેજને મંજુરી

## બે નવી મેડીકલ કોલેજો શરૂ થતાં રાજ્યમાં એમબીબીએસની કુલ ૩૨૩૦ બેઠકો ઉપલબ્ધ બનશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને મેડીકલના શિક્ષણ માટે ઘરઆંગણે હવે વધુ સુવિધા પ્રાપ્ત થશે. મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ જૂનાગઢ અને હિંમતનગર ખાતે બે નવી મેડીકલ કોલેજો સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે. નવી કોલેજોમાં ૩૦૦ બેઠકો વધતા હવેથી રાજ્યમાં એમબીબીએસની કુલ ૩૨૩૦ બેઠકો ઉપલબ્ધ બની છે.

રાજયમાં ઉપલબ્ધ થનારી આ તબીબી શિક્ષણની સુવિધા વિશે વધુ માહિતી આપતાં રાજયના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યુ હતું કે, ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ મેડીકલ શિક્ષણની વધુ સગવડ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ગુજરાતમાં વધુને વધુ મેડીકલ કોલેજો સ્થપાય તે પ્રકારનું લાંબા ગાળાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના અંતર્ગત રાજય સરકારની સોસાયટી ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ધારપુર-પાટણ, ગાંધીનગર અને વલસાડ ખાતે પાંચ મેડીકલ કોલેજો કાર્યરત છે જયારે સૌરાષ્ટ્ર વિસ્તારમાં જુનાગઢ ખાતે અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં હિંમતનગર ખાતે નવી બે મેડીકલ કોલેજો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ હતુ. જે માટે કોલેજ દીઠ અંદાજીત રૂ.૨૫૦ કરોડના ખર્ચે મેડીકલ કોલેજના બિલ્ડીગ, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલના બિલ્ડીગ, સ્ટાફ ક્વાર્ટર અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું કામ પૂર્ણ થતાં રાજય સરકારે આ વર્ષ ૨૦૧૫-૧૬ થી બંને મેડીકલ કોલેજોમાં શૈક્ષણિક કામગીરી શરૂ કરવા મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મેળવવા અરજી કરી હતી. તેના અનુસંધાને મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા બંને કોલેજોનું તા.૦૫.૦૫.૨૦૧૫ ના રોજ ઈન્સ્પેક્શન કરી તા.૧૩ના રોજ

● અનુસંધાન પાન-૭ પર



સર્કલોનું દુરસ્તીકરણ - શહેરના કેટલાક જાણીતા સર્કલો અકસ્માતોના પગલે તૂટી ગયા હતા. સુંદરતા માટે નિર્માણ થયેલા સર્કલો તૂટી ગયેલી હાલતમાં સુંદરતાની શોભા બગાડતા હતા તેનું દુરસ્તીકરણ હાથ ધરાયું છે... ચ-૨ના સર્કલ બાદ ગ-૩ના સર્કલનું દુરસ્તીકરણ હાથ ધરાયું છે. (તસવીર : કશ્યપ નિમાવત)





















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com